ક્રિ.કે.નં.:–૨૬૪૬/૨૦૦૩

**ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૬ મુજબ આંક–૦૧ નીચે હુકમ**

(૧) આ કામે ફરિયાદીને અનેક વખત પ્રોસેસ કાઢવામાં આવેલ છે તેમ છતાં હાલના કેસમાં અનેક તક આપવા છતાં હાજર રહેલ નથી. આ કામે હાલનો કેસ તે પ્રાઈવેટ કેસ છે. પ્રોસીડીંગ જોતા હાલનો કેસ ઘણા સમયથી મૃતપ્રાય અવસ્થામાં રહેલ છે.

(૨) આજરોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. જે અંગે જુદા જુદા પત્રો અન્વયે કેસો ફેસલ કરવા માટેની જે માગદર્શિકાઓ આપવામાં આવેલ છે તે લક્ષમાં લેતા તથા ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના નોટીફીકેશન અન્વયે ચેરમેનશ્રી, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કમીટી, ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અમદાવાદનાઓના નોટીફીકેશન નં. ૦૬/૨૦૨૧ ને વંચાણે લેતા તેમાં સ્પષ્ટ પણે જણાવેલ છે કે,

> "Special sitting of All Metropolitan Magistrates is organized to dispose of petty matters cases under IPC, B.P. Act or G.P.Act, Gambling Act, Prohibition Act Traffic N.C. Challan, Stop Proceedings under section 258 or 256 of CRPC, withdrawal of Cases U/s. 321 of CRPC, Dormant Cases, other Specified Cases etc. according to prescribed procedure of law.

(૪) હાથ ઉપરના કેસમાં ફરિયાદીશ્રીની ગેરહાજરીના લીધે ટ્રાયલ ચલાવવી લગભગ અશકય બની ગયેલ છે અને નજીકના ભવિષ્યમાં પણ ફરિયાદીશ્રી હાજર રહે તેવી શકયતા અગાઉનું પ્રોસીડીંગ જોતા જણાતું નથી. વધુમાં ક્રિ.પ્રો.કોડનો પર્યાય જોતા, ભવિષ્યમાં ફરીયાદપક્ષ હાજર થાય અને યોગ્ય કારણ રજુ કરે તો હાલની કેસની કાર્યવાહી રિસ્ટોર કરવાના ફરીયાદ પક્ષના હકકને આ હુકમથી કોઈ બાધ રહેશે નહિ તથા તેવા કિસ્સામાં આ કોર્ટે ઉપરોકત કલમ મુજબ કાર્યવાહી કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે. ઉપરોકત પરિસ્થિતિઓ, પરીબળો, કારણો તથા સંજોગો ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## : : હુકમ : :

ક્રિ.પ્રો. કોડની કલમ ૨૫૬ મુજબ હાલનો કેસ ફરિયાદીશ્રીના હાજર રહેવામાં સતત કસુરના લીધે " ડિસમીસ ફોર ડીફોલ્ટ " કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૧ મી, માહે ડિસેમ્બર, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલત (સ્પેશીયલ સીટીંગ) માં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(ડૉ.આર.એન.કરનાની)**
એડી. ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૫ (સ્પેશીયલ સીટીંગ), અમદાવાદ.
**જજ કોડ નં. જીજે ૦૧૦૮૦**

તા. ૧૧/૧૨/૨૦૨૧.
મુ. અમદાવાદ.